# પાલનપુર ડીસા હાઈવે પર બાઈક અકસ્માતમાં ૧નું મોત, ૧ ગંભીર

## દાંતીવાડા કૃષિ યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું મોત થતા ગમગીની છવાઈ



પાલનપુર, તા. ૨૭

બનાસકાઠાની સરદાર કૃષિનગર એગ્રિકલચર યુનિવર્સીટીના ૨ વિદ્યાર્થીને ગતમોડી રાત્રીએ પાલનપુર નજીક બાઈક અકસ્માત સર્જાતા એક વિદ્યાર્થીનુ ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતુ તેમજ અન્ય એકને ગંભીર ઈજાઓ થતા સીવીલ બાદ અમદાવાદ ખસેડાયો હતો. સરદાર કૃષિનગર એગ્રિકલચર યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા વૈભવ શંકરભાઈ કટારા અને ભૌમિકભાઈ પટેલ જમવા અર્થે પાલનપુર ગયા હતા દરમ્યાન જમીને પરત ફરતા પાલનપુરમાં આવેલ એરોમા સર્કલથી આગળ નડબીનાળા પાસે વળાંકમાં વૈભવ શંકરભાઈ કટારા સ્ટયરીંગ પરથી કાબુ ધુમાવતા બાઈક અચાનક ડિવાઈડર સાથે અથડાયુ હતું. અને ગંભીર અકસ્માત સર્જાયો હતો જેમાં વૈભવ શંકરભાઈ કટારા ઉમર વર્ષ ૨૨ એગ્રિકલચર કોલેજ ૭ સેમેસ્ટરમાં અભ્યાસ, રહે. ગામ મેઘરાજ, મોડાસા - ગંભીર રીતે ઘાયલ થતા ઘટનાસ્થળે મૃત્યુ પામ્યો હતો. તેમજ પાછળ બેસેલ ભૌમિકભાઈ પટેલ એગ્રિકલચર કોલેજમાં ૭ માં સેમેસ્ટરમાં અભ્યાસ, રહે. ગામ હિંમતનગરને ગંભીર ઈજાઓ થવા પામી હતી આ અકસ્માતની જાણ આજુબાજુના લોકોને થતા તાબડતોડ ૧૦૮ અને પાલનપુર પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને પાલનપુર સિવિલ હોસ્પિટલમા ખાતે ખસેડયા હતા તેમજ યુનિર્વસીટીના અધિકારીઓ સહિત કુલપતિ પાલનપુર દોડી આવ્યા હતા.

# હુંજ ગામમાં ખુંખાર દિપડાનો આતંક

## ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતો હોવા છતાં વન વિભાગ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યું : દિન-પ્રતિ-દિન વધતાં નીલ ગાયનું મારણ કર્યું ભરવાડો,પશુપાલકો અને ખેડુતોમાં ભારે ફફડાટ ફેલાયો





ભિલોડા,તા.૨૭

હિંમતનગર તાલુકાના હુંજ ગામમાં ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં મધ્યરાત્રે નીલ ગાયનું મારણ કર્યું હતું.હુંજ ગામના ભરવાડો,પશુપાલકો અને ખેડુતોમાં ભારે ફફડાટ ફેલાયો છે.ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતો હોવા છતાં વન વિભાગ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યું હોવાનું લોકમુખે ચર્ચાય છે.હુંજ પંથકમાં ખુંખાર દિપડાએ આજ દિન સુધીમાં ૭ પશુઓને શિકાર બનાવી મારણ કર્યું હોવા છતાં વન વિભાગના અધિકારીઓને વારંવાર રજુઆતો કરવા છતાં કુંભકર્ણની નિદ્રામાં પોઢેલા વન વિભાગના અધિકારીઓ ખુંખાર દિપડાને પાંજરૂ મુંકીને ઝડપી શકતા નથી તેમ લોકમુખે ચર્ચાય છે.

હિંમતનગર તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ હુંજ પંથક સહિત આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારોમાં અને ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ રામનગર પંથકમાં વસવાટ કરતો વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં ભરવાડો,પશુ-પાલકો,ખેડુતો અને પ્રજાજનોમાં ખડભડાટ મચી જવા પામ્યો છે.હુંજ ગામના પાદરે આવેલ સીમવિસ્તારમાં ભરવાડના વાડામાંથી તાજેતરમાં બે ઘેટાંનું મધ્ય રાત્રે દિપડાએ શિકાર બનાવી મારણ કરતાં ભારે ફફડાટ ફેલાયો હતો.ખેડુતો,પશુપાલકો અને ભરવાડો પશુઓને બચાવવા રાત્રે ઉજાગરા કરી મધ્યરાત્રે ફટાકડાની આતશબાજી કરે છે ત્યારે ફટાકડાના અવાજના કારણે ક્યારેક-ક્યારેક ખુંખાર દિપડો પશુઓનું શિકાર કરવા આવતો ન હોવાનું જણાવ્યું હતું.

હુંજ પંથકના ખેડુતો,પશુપાલકો અને ભરવાડોની પ્રબળ લોકમાંગણી છે કે વન વિભાગના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાને પાંજરૂ મુંકી ઝડપી લેવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી છે.

# ધનસુરાનું અદ્યતન બસ સ્ટેશન ઉદ્‌ઘાટનની રાહ જુએ છે

ધનસુરા, તા. ૨૪

ધનસુરા તાલુકો બન્યા પછી મોટાભાગની સરકારી કચેરીઓ અદ્યતન કોર્ટ સંકુલ બની ઉદ્‌ઘાટનો થયા પછી કાર્યરત છે. ફક્ત તાલુકા મથકે નવું બસ સ્ટેશન હતુ. અનેક રજુઆતો બાદ લાખ્ખો રુપિયાના ખર્ચે સુવિધાઓ સાથે નવીન બસ સ્ટેશન બને દોઢ વર્ષ જેટલો સમય થયો છે. છતાં હજુ આ નવીન બસ સ્ટેશનનું ઉદ્‌ઘાટન થયુ નથી.

ગ્રામ પંચાયત દ્વારા ઉદ્‌ઘાટન માટે રજુઆત કરવામાં આવેલ છતાં કોણ જાણે આ નવીન બસ સ્ટેશનના ઉદ્‌ઘાટન માટે નેતાઓને કે મંત્રીઓને સમય ન હોય તેવું પ્રજાને લાગે છે. સત્વરે ઉદ્‌ઘાટન નહિ થાય તો પછી પંચાયતોની ચૂંટણી પ્રક્રિયા શરૂ થશે એટલે આચાર સંહિતામાં ઉદ્‌ઘાટન નહિ થાય.

# પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા નોટ બંધીનો વિરોધ

## પોલિસ દ્વારા કોંગ્રેસના ધારાસભ્યો સહિત આગેવાનો કાર્યકરો ની અટકાયત કરવામાં આવી



પ્રાંતિજ, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ કોંગ્રેસ દ્વારા નોટબંધીનો વિરોધ કર્યો હતો અને પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે ભાજપ વિરૂધ્ધ નારા લગાવ્યા હતા જયારે સાંસદના નિવાસસ્થાને જતાં પહેલાં પોલીસ દ્વારા કોંગ્રેસ ના ધારાસભ્યો સહિત કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

પ્રાંતિજ ત્રણ રસ્તા ખાતે કોંગ્રેસ દ્વારા ૫૦૦- ૧૦૦૦ની નોટ બંધી કરવાના વિરોધને લઈને ભાજપ- વિરૂધ્ધ રોષ ઠાલવ્યો હતો અને સાબરકાંઠા- અરવલ્લી જિલ્લાનાં સાંસદ દિપસિંહ રાઠોડના નિવાસ સ્થાને જતાં પહેલાં ત્રણ રસ્તા પાસેથી જ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

જ્યારે પહેલાથી કોંગ્રેસ દ્વારા સાંસદના નિવાસ સ્થાને ઘેરાવો કરવાના સમાચાર મળી જતાં ડીવાયએસપી, બે પીઆઇ, ૫૦ પોલિસ, ૩ મહિલા પોલિસ ગોઠવવામાં આવી હતી.

જયારે પોલિસ દ્વારા કોંગ્રેસના ધારાસભ્યો મહેન્દ્રસિંહ બારૈયા , મહેન્દ્રસિંહ વાધેલા, અશ્વિન કોટવાલ, રાજેન્દ્ર ઠાકોર જિલ્લા પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ, જિલ્લા પંચાયત સદસ્ય મણીભાઇ પટેલ તાલુકા પ્રમુખ અમરીશ પટેલ, તાલુકા પ્રમુખ દક્ષાબેન, રેખાબેન, બેચરસિંહ, સંજયભાઇ પટેલ સહિત ૫૦ જેટલાં કાર્યકરોની પોલિસ દ્વારા અટકાયત કરવામાં આવી હતીજયારે હિંમતનગર- અમદાવાદ નેશનલ હાઈવે આઠ હોવાથી ટ્રાફિક જામ થઈ જતાં વાહન વ્યવહાર અડધો કલાક માટે ખોરવાયો હતો અને નાના મોટા કેટલાય વાહનોને લઈને ટ્રાફિક જામના દશ્યો જોવા મળ્યા હતાં.

# બનાસકાંઠામાં સ્થાનિક સ્વરાજની પેટા ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ






પાલનપુર, તા.૨૭

આજે બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત તેમજ પાલિકાની એક વોર્ડની ખાલી પડેલ બેઠક પર ચૂંટણી યોજાઈ હતી.

જેમાં બનાસકાંઠા જિલ્લા પંચાયત બે બેઠક, નાંદોત્રા અને અંબાજી બેઠક પર પેટા ચૂંટણી પર મતદાન યોજાયું હતું. ત્યારે તાલુકા પંચાયતમાં પાલનપુરની ચડોતર - ૧, દાંતાની ખંઢોર ઉંબરી, ભાભરની આંબાસણ અને દિયોદરની એક બેઠક પર પેટાચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ સંપન્ન થયું હતું.

જેમાં દિયોદરમાં ૫૯.૩૨ ટકા મતદાન નોંધાયું હતું તેમજ પાલનપુર તાલુકા પંચાયતની ચડોતર-૧ બેઠકની પેટા ચૂંટણીમાં ૪૮ ટકા મતદાન નોંધાયું હતુ તેમજ દાંતીવાડાની તાલુકા પંચાયતની નાંદોત્રા બેઠક ૫૬ ટકા મતદાન નોંધાયું છે. જો કે તમામ બેઠક પર ભાજપ અને કોંગ્રેસના બંને ઉમેદવારોએ જીતના દાવા કર્યા છે જો કે જીતના આ દાવા ૨૯ નવેમ્બરના રોજ જાણી શકાશે.

# અરવલ્લી જિલ્લાના મોડાસાના સરડોઈ ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

## વિવિધ વિભાગોની વ્યક્તિગત રજૂઆતોનું સ્થળ પર નિરાકરણ : વિવિધ યોજનાઓના કાર્ડ કાઢવાથી માંડી આવકના દાખલા, આરોગ્ય, સ્ટેમ્પ, એસટી પાસ પણ કાઢી અપાયા

મોડાસા તા.૨૬

અરવલ્લી જિલ્લામાં તમામ છ તાલુકાઓને આવરી લઈ જુદા જુદા મુકરર દિવસે થોડાક ગામોના



સમૂહમાં એક સ્થળે સેવા સેતુ કાર્યક્રમ યોજીને વ્યકિતગત રાજુઆતોના નિરાકરણ માટેના અભિનવ અભિયાનને ભારે સફળતા મળી રહી છે.

આજે મોડાસા તાલુકામાં સરડોઈ ગામે નિયત પંચાયતોના ગામોમાંથી લોકો પોતાની વ્યક્તિગત રજૂઆતો સાથે સરડોઈ પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ આ સેવા સેતુ કાર્યક્રમમાં ઉમટી પડ્યા હતા.

જેમાં તાલુકા મામલતદાર, ટીડીઓ, ઉપરાંત જે તે વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ અને જે તે પંચાયતના તલાટી કમ મંત્રીઓ સ્થળ ઉપર હાજર રહીને લોકોના વિવિધ યોજનાના વ્યક્તિગત કામોનો નિકાલ કર્યો હતો. સ્થાનિક સરપંચો અને પદાધિકારીઓ ઉપરાંત અન્ય કાર્યકરો પણ લોકોને મદદરૂપ થવા ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપના જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, સ્થાનિક કાર્યકરો ચિરાગભાઈ ગોસ્વામી, યશપાલસિંહ પુવાર, એવોર્ડ વિજેતા મોતીભાઈ નાયક વગેરેએ આવેલ રજુઆતકર્તા ભાઈ-બહેનોને મદદરૂપ બની તેમના કામોના નિરાકરણ માટે પુરા પ્રયાસ કર્યા હતા. એક જ સ્થળે પોતાની રજુઆતોનો નિકાલ થતા નાગરિકો પણ ખુબ જ ખુશ જણાતા હતા.

# શામળાજી ચેકપોસ્ટ પાસો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## લંચ બોક્સ અને વોટરબેગોની આડમાં સંતાડીને લવાતો ૩૯.૧૮ લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી ટ્રકચાલક સહિત અન્ય એક આરોપીને ઝડપી પાડ્યો

મોડાસા, તા. ૨૭

અમદાવાદ-ઉદેપુર નેશનલ-હાઈવે નં. ૮ પર



આવેલી રતનપુર ચેકપોસ્ટ આંતરરાજ્ય સરહદ પરથી પરપ્રાંતિય બુટલેગરો દ્વારા કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ગુજરાત રાજ્યમાં ઘુસાડવામાં સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. શામળાજી પોલીસે બુટલેગરો પર સતત વૉચ રાખી સપાટો બોલાવતા થોડા સમય બુટલેગરો નિષ્ક્રિય બની ગયા હતા. છેલ્લા સપ્તાહથી બુટલેગરો ફરીથી સક્રિય બનતા શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી આવતા અને લંચ બોક્સ અને વોટરબેગોની આડમાં સંતાડીને લવાતો ૩૯.૧૮ લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી ટ્રકચાલક સહિત અન્ય એક આરોપીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

સામળાજી પોલીસ સ્ટેશનના પીએસઆઈ ઝાલા તથા તેમની ટીમે બુટલેગરોના નાકે દમ લાવી દેતા બુટલેગરો નિષ્ક્રિય બની ગયા હતા. પરંતુ છેલ્લા સપ્તાહથી બુટલેગરો સક્રિય બનતા શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ તેમજ શામળાજી નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા શનિવારે રાત્રીના ૮.૩૦ કલાકે રાજસ્થાન પાસીંગની ટ્રક (ગાડી નં. આરજે.૧૧.જીએ.૪૫૦૩)ને અટકાવી તલાશી લેતા ટ્રકની તાડપત્રીની અંદર સ્કૂલબેગો અને લંચબોક્સની આડમાં સંતાડીને ઠલવાતો વિદેશી દારૂનો

**લંચબોક્સ અને વોટરબેગની આડમાં સંતાડીને વિદેશી દારૂ લવાયો**

ગેરકાયદેસર વગર પાસ પરમીટનો જુદી જુદી બ્રાન્ડની પેટીઓ નંગ ૮૬૪ જેમાં કુલ બોટલ નંગ ૨૯,૯૦૪ જેની કિંમત રૂ. ૩૯,૧૮૦૦૦ તથા ટ્રકની કિંમત રૂ. ૧૦ લાખ તેમજ અન્ય મુદ્દામાલ રોકડ સહિત મળી કુલ ૪૯,૨૦,૫૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ટ્રકચાલક સત્યનારાયણ શ્રી દેવરાજ ભારદ્વાજ (ઉં. ૫૭, જેડ, ૨૯૩, શાહપુર દિલ્હી) તેમજ ક્લીનર પરવીન ધનપાલસીંહ વાલ્મીકી (ઉં.વ. ૩૦ વર્ષ રહે. સાંખૌર, જી. જત્જર હરિયાણાને જેલના સળીયા પાછળ ધકેલી દઈ ગેરકાયદેસર દારૂ ઘુસાડવામાં મદદગારી કરનાર વિરેન્દ્રસીંગ તનેસીંગ જાટ રહે. બારાહી, જી. જત્કર હરિયાણા તથા અમીત જાટ રહે. રોહતક, હરીયાણા વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ગુનામાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓને ઝડપી પાડવા શામળાજી પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતા.

# પ્રાંતિજ ખાતે પાલિકાની પેટા ચુંટણી માટેનું મતદાન યોજાયું



પ્રાંતિજ, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા માં વોર્ડ -૬ ની પેટા ચુંટણી માટે નું મતદાન યોજાયું હતું જેમા મતદારો દ્વારા ઉત્સાહ પૂર્વક મતદાન કરવામાં આવ્યું હતું અને બન્ને ઉમેદવારો ના ભાવી મત પેટી માં શીલ થયા હતાં.

પ્રાંતિજ નગરપાલિકામાં વોર્ડ નં-૬ અને વોર્ડ- ૪ની પેટા ચુંટણી યોજાવાની હતી. જેમાં વોર્ડ નંબર- ૪ કોંગ્રેસના ઉમેદવાર બીનહરીફ જાહેર થતાં માત્ર વોર્ડ નંબર- ૬ની ચુંટણી માટેનું મતદાન યોજાયું હતું જયારે ભાજપ- કોંગ્રેસ સિવાય અન્ય કોઈ ઉમેદવારના હોવાથી હાલતો ભાજપ- કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જોવાં મળી રહ્યો છે. જયારે પાલિકા ની સત્તા પહેલાથી જ ભાજપના હાથમાં છે પણ ભાજપ સીટ બચાવવા અને કોંગ્રેસ સીટ હાંસલ કરવામાં બન્ને પ્રક્ષો દ્વારા હાલતો એડીચોંટીનું જોર લગાવવામાં આવ્યું છે અને બપોર સુધીમાં ૫૦ટકા સુધીનું પણ મતદાન યોજાયું હતુ

# સરદાર કૃષિનગર ખાતે 'રાષ્ટ્રીય દૂધ દિવસ'ની ઉજવણી કરાઈ !





દાંતીવાડા, તા.૨૭

દાંતીવાડા તાલુકામાં આવેલ સરદાર કૃષિનગર એગ્રિકલચર યુનિવર્સીટીમાં ચાલતી જી.એન.પટેલ કોલેજ ઓફ ડેરી સાયન્સ એન્ડ ફૂડ ટેક્નોલોજીમાં આજરોજ 'રાષ્ટ્રીય દૂધ દિવસ' ની ઉજવણી કરવામાં આવી જેમાં આજે સ્વેતક્રાંતિ ના પ્રણેતા ડો.વર્ગીસ કુરિયન ના જન્મદિવસ નિમિત્તે આ દિવસને રાષ્ટ્રીય દૂધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે જેના અંતર્ગત જી.એન.પટેલ કોલેજ ઓફ ડેરી સાયન્સ એન્ડ ફૂડ ટેક્નોલોજી માં રાષ્ટ્રીય દૂધ દિવસ અને રાષ્ટ્રીય બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે બનાસડેરીના પૂર્વ જનરલ મેનેજર અને પ્રોફેસર તરીકે સેવા બજાવી રહેલ પ્રો.શ્રી એમ. જી. પટેલ તેમજ ડીન શ્રી જી. એન. પટેલ કોલેજ ઓફ ડેરી સાયન્સ એન્ડ ફૂડ ટેક્નોલોજી ડો. બી. જે. પટેલ અને અન્ય સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહેલ અને આ કાર્યક્રમમાં બનાસડેરીના પૂર્વ જનરલ મેનેજર અને પ્રોફેસર તરીકે સેવા બજાવી રહેલ પ્રો. શ્રી એમ. જી. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને દેશના ડેરી ઉદ્યોગ વિષે વિસ્તૃતમાં માહિતી પુરી પડેલ તેમજ આ કાર્યક્રમમાં વક્તૃત્વ સ્પર્ધા અને પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવેલ આ કાર્યક્રમમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને રાષ્ટ્રીય દૂધ દિવસ અને રાષ્ટ્રીય બંધારણ દિવસની ધામધૂમ પૂર્વક ઉજવણી કરેલ.